# આર્યાનંદિલકૃત 'વૈરોટ્યાદેવીસ્તવ' તથા 'ઉપસર્ગહરસ્તોત્ર'નો રચનાકાળ

રાજગચ્છીય પ્રભાચંદ્રાચાર્યના **પ્રભાવકચરિત** (સં. ૧૩૩૪/ઈ. સ. ૧૨૭૮) અંતર્ગત "આર્ય નંદિલચરિત"નો સમાવેશ છે[૧]. પ્રસ્તુત 'ચરિત'ની (સ્વ.) મુનિરાજ કલ્યાણવિજયજીએ આલોચના કરતાં લખ્યું છે કે આને "આર્ય નંદિલચરિત" કહેવાને બદલે "વૈરોટ્યાચરિત" કહીએ તો ઠીક ! કેમકે તેમાં આર્યનંદિલ (વા આનંદિલ) વિષયે કશું જ કહ્યું નથી, સિવાય કે તેઓ આર્ય રક્ષિતના વંશજ હતા અને તેમના સદુપદેશથી શ્રેષ્ઠીપુત્ર 'પદ્મ'ની ભાર્યા 'વૈરાટ્યા' મરીને નાગદેવી બની નાગરાજ ધરણેંદ્રની મહિષી થઈ[૨]. કથાનક દેખીતી રીતે જ કાલ્પનિક છે[૩] અને જનકથાઓમાં નાગપંચમી-માહાત્મ્યની પ્રચલિત દંતકથાઓમાંથી "હૈતવ" કે ''હૈતુક" (motif) ઉઠાવી તેને ઘડી કાઢવામાં આવ્યું છે; અલબત્ત પ્રભાચંદ્રાચાર્યે જ તે ઉપજાવી કાઢ્યું હશે તેમ કહેવા માટે તો પ્રમાણ ઉપલબ્ધ નથી.

આર્ય નંદિલને "આર્ય રક્ષિતવંશીય" કહ્યા છે; આથી તેઓ ઈસ્વીસન્‌ની પહેલી શતાબ્દી પછી થયા હશે. દૂષ્યગણિ-શિષ્ય દેવવાચકકૃત **નંદિસૂત્ર** (આ. ઈ. સ. ૪૫૦) અંતર્ગત અપાયેલી વાચકવંશીય **સ્થવિરાવલી**[૪]માં પુરાણા વાચકોની સૂચિમાં अज्जानन्दिल-(આર્યાડડનંદિલ)ને સ્થાન મળ્યું છે[૫], જે તેમના સમયની ઉત્તરસીમા નિર્ણીત કરે છે. સંભવ છે કે તેઓ ઈસ્વીસન્‌ની બીજી (યા ત્રીજી) શતાબ્દીમાં, કુષાણયુગમાં, થયા હોય[૬]. અને 'આર્ય નંદિલ'ને બદલે 'આર્યાનંદિલ' (આર્ય આન્દિલ) અભિધાન વિશેષ સાચું હોય. (આ ધારણાને આધારે શીર્ષકમાં 'આર્યાનંદિલ' અભિધાન કલ્યાણવિજયજી એવં પુણ્યવિજય દ્વારા સ્વીકારાયેલું છે.)

દાક્ષિણાત્ય નિર્ગ્રન્થ પરંપરાના, પુષ્પદંત-ભૂતબલિકૃત **ષટ્‌ખણ્ડાગમ** (પ્રાયઃ ઈસ્વી ૪૭૫-૫૦૦) પરની પંચસ્તૂપાન્વયના દિગંબરાચાર્ય સ્વામી વીરસેનની **ધવલા-ટીકા**(ઈ. સ. ૮૧૬)માં બે સ્થળે મહાવાચક આર્યનંદીને લગતાં અવતરણો જોવા મળે છે, અને પ્રસ્તુત આર્યનંદી સચેલક વા અર્ધચેલક પરંપરાના આર્યનંદિલ વા આર્યાનંદિલ જ હોવા વિષે મેં અન્યત્ર સવિસ્તર ચર્ચા કરી છે[૭].

આ આર્યાનંદિલની બનાવેલી મનાતી એક કૃતિ—**વૈરોટ્યાદેવીસ્તવન**—પાંચેક દાયકા ઉપર પ્રકટ થઈ છે[૮]. પ્રસ્તુત સ્તવનમાં ૧૩મા પદ્યમાં अज्जाणदिलेण संदिट्ठं સરખો ઉલ્લેખ મળતો હોઈ સ્તવના રચયિતા આર્યાનંદિલ હોવાનું ઉપલક દૃષ્ટિએ લાગે[૯]; પરંતુ તે ઈસ્વીસન્‌ની



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

બીજી શતાબ્દી જેટલું પુરાણું હોવા સામે તો સ્તવ જ અપવાદ કરે છે, જેનાં કારણો વિષે જોઈએ :

૧. સ્તવમાં વૈરોટ્યા તેમ જ પદ્માવતીને ધરણોરગ(ધરણેંદ્ર)ની દેવીઓ રૂપે ઉલ્લેખ થયો છે : યથા :

जा **धरणोरगदइआ** देवी **पउमावई** य **वइरुट्टा** ।
सप्पसहस्सेहि जुआ देवा किर किंकरा जाया ॥२॥

તથા

**धर्णिदपढमपत्ती वइरुट्टानाम नागिणी विज्जा** ।
सप्पकरंडगहत्था सप्पाभरणा य जा निच्चं ॥४॥

પણ **વ્યાખ્યાપ્રજ્ઞપ્તિ** (ઈ○ સ○ ૧૦૦-૩૦૦)[૧૦] અને **સ્થાનાંગસૂત્ર** (ઈ○ સ○ ૩૫૦/૩૬૩)[૧૧]માં નાગરાજ ધરણેંદ્રની જે છ (કે ચાર) મહિષીઓનાં નામ ગણાવ્યાં છે[૧૨] તેમાં ન તો વૈરોટ્યા કે ન તો પદ્માવતીનું નામ જોવા મળે છે. આથી પ્રસ્તુત કલ્પના અનાગમિક અને પશ્ચાત્કાલીન જણાય છે. (દિગંબર સંપ્રદાયના આગમવત્ વા આગમસ્થાનીય ગ્રંથ **તિલોયપણ્ણત્તી ( त्रिलोकप्रज्ञप्ति )** (આ○ ઈ○ સ○ ૫૫૦) ગ્રંથમાં પણ ધરણેંદ્રના સંદર્ભમાં પ્રસ્તુત બન્ને નામો અનુપસ્થિત છે.)

૨. વૈરોટ્યા કે પદ્માવતીદેવીની ઉપલબ્ધ પ્રતિમાઓમાંથી એકેય છઠ્ઠા શતકથી પૂર્વે લઈ જઈ શકાય તેમ નથી. (સાહિત્યમાં અલબત્ત આનાથી થોડા કાળ પૂર્વે ઉપાસના-સૂચક સ્તોત્રો થઈ ગયાં હોઈ શકે. પદ્માવતીના, ઈસ્વી ૫૭૫-૬૦૦માં કોરાયેલાં લયન મંદિરો અંતર્ગત, શિલ્પ ઐહોળે અને બદામીમાં [દિગંબર સંપ્રદાયમાં] મળે છે. આ સિવાય પદ્માવત્યાલયના ઉલ્લેખ કર્ણાટકમાં કદંબવંશીય તામ્રશાસનોમાં ઈસ્વી ૫મી ઉત્તરાર્ધ અને છઠ્ઠીના પૂર્વાર્ધ સુધીના મળી આવે છે.)

૩. સંદર્ભગત સ્તોત્રમાં પદ્ય ૩માં વૈરોટ્યાનું જે વર્ણન કર્યું છે તે પ્રાચીનને બદલે તેના પ્રતિમાવિધાનમાં પછીથી દેખાતાં લક્ષણોને આવરે છે : યથા :

**नागिणि नागारूढा नागकरा नागभूसियसरीरा ।**
**नागेहिं सिरमाला नागमुहा सा जए जयउ ॥३॥**

૪. ચોથા પદ્યમાં તેને "વિજ્જા" ('વિદ્યા'=શક્તિ) કહી છે જે હકીકત પણ વૈરોટ્યા નિર્ગ્રન્થ-દર્શન અંતર્ગત બહુ પ્રાચીન દેવતા હોવાનું માનવામાં બાધા ઊભી કરે છે[૧૩]; આગમિક સંદર્ભોમાં ઠેકઠેકાણે આવતા લૌકિક યક્ષો અને યક્ષીઓના ઉલ્લેખોમાં વૈરોટ્યાનું નામ જોવા

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

મળતું નથી.

૫. છઠ્ઠા પદ્યમાં વીંછી આદિ ઝેરી જંતુઓ, જાનવરો, રાની પશુઓ તેમ જ વ્યંતરાદિ અગોચર સૃષ્ટિનાં મલિન સત્ત્વો (એના પ્રતાપથી) નાસી જતા હોવાની વાત કરી છે, જે પણ સ્તોત્ર પ્રાક્મધ્યકાળથી વિશેષ પ્રાચીન માનવામાં રુકાવટ ઊભી કરે છે[૧૪].

૬. એ જ રીતે પદ્ય ૧૮થી લઈ ૨૮ સુધીમાં ભૂજગ, રાક્ષસ, યાકિની, શાકિની, ડાકિની, ચોર, (વ્યાલક?), હિંસ્ર, (મૂષક?[૧૫]), (મુદ્ગર?[૧૬]), ગુહ્યકાદિથી બચવાની વાત છે, જે પરથી તો તે માનતુંગ સૂરિના પ્રસિદ્ધ **ભક્તામરસ્તોત્ર**(આ૦ ઈસ્વી૦ ૬ઠ્ઠા-૭મા સૈકા)થી પણ પછીની રચના હોવાનું ભાસે છે.

૭. અને પદ્ય ૮ અને ૯ તો ઉઘાડી રીતે તાંત્રિક છે :

**हुंकारंतं च विसं अविसट्ट विसट्टपल्लवे चरइ ।**
**पारस नाम श्रीँ ह्रीँ पउमावइ धरणराएणं ॥८॥**

**सप्प ! विसप्प सरीसव ! धरणिं गच्छहि जाहि रे तुरिअं ।**
**जंभिणि थंभिणि बंधणि मोहणि हुं फुट्टकारेणं ॥९॥**

આ પદ્યો જોતાં તો તેને આઠમા-નવમા સૈકાથી તો પ્રાચીન માની શકાય તેવી સ્થિતિ રહેતી નથી. બીજી બાજુ પદ્માવતીનો શ્વેતાંબર સંપ્રદાયમાં સ્વીકાર દશમા શતક પૂર્વે હોવાનું ન સાહિત્યમાં, ન શિલ્પમાં પ્રમાણ છે. સ્તોત્રરચયિતા શ્વેતાંબર છે એટલે તે તથ્યનો પણ કાળનિર્ણય કરતે સમયે ધ્યાનમાં લેવો ઘટે.

ઉપર્યુક્ત તમામ મુદ્દાઓ લક્ષમાં લેતાં પ્રસ્તુત સ્તવને કુષાણકાલીન આચાર્ય આર્ય નંદિક, આર્ય નંદિલ, વા આર્ય નંદીની કૃતિ હોવાનું માની શકાય તેમ નથી. જૈનોમાં મંત્રવાદ જ નહીં, તંત્રવાદના પ્રવેશ પછીની જ એ રચના હોઈ શકે. પ્રભાવકચરિતકાર પ્રસ્તુત સ્તોત્રથી પરિચિત છે[૧૭]; પણ તેમણે દીધેલા કથાનક માટેનું મૂળ સ્રોત તો પકડાય ત્યારે ખરું.

"વૈરોટ્યા-સ્તવ"ની વસ્તુતયા આજે તો પ્રસિદ્ધિ નથી અને ભૂતકાળમાં પણ આગમોની આજ્ઞાની ઉપેક્ષા કરનાર માંત્રિક જૈન જતિઓ દ્વારા થતી હશે તે ઉપાસના સિવાય એ કેટલું પ્રચારમાં હતું તે જાણવાને કોઈ સાધન ઉપસ્થિત નથી; પરંતુ "ઉપસર્ગહરસ્તોત્ર (ઉવસગ્ગહરથોત્ત)" તો એક અતિ પ્રસિદ્ધ, અને નિર્ગ્રન્થોના શ્વેતાંબર-દિગંબર એમ બન્ને આમ્નાયોમાં પ્રચલિત, સ્તોત્રોમાંનું એક છે. કેવળ પાંચ જ ગાથામાં નિબદ્ધ આ સ્તોત્રના કર્ત્તા, નંદયુગના અંતે અને મૌર્ય યુગના આરંભે થઈ ગયેલા, ચરમ શ્રુતકેવલી ભદ્રબાહુ હોવાનું શ્વેતાંબર સંપ્રદાયમાં પરંપરાથી મનાય છે; કંઈ નહીં તોયે પ્રબંધકારોનું એમ કહેવું છે[૧૮]. પણ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

મૂળ સ્તોત્રમાં, કે તેની પાર્શ્વદેવગણિ વિરચિત **વૃત્તિ** (ઈસ્વીસન્‌નું ૧૨મું શતક) કે ચંદ્રાચાર્ય કારિત **લઘુવૃત્તિ** (ઈસ્વીસન્‌નો ૧૩મો સૈકો[૧૯]) અંતર્ગત, તેના કર્ત્તા ભદ્રબાહુ (કે અન્ય કોઈ) હોવાનો જરા સરખો પણ ઇશારો નથી. સ્વ૰ મુનિરાજ શ્રી ચતુરવિજયજીએ પહેલાં તો પ્રસ્તુત કૃતિ ઉપરકથિત ભદ્રબાહુસ્વામિ કારિત માનેલી એવો ભાસ થાય છે[૨૦]; પણ પછીથી મત બદલીને તેને જૈન કથાનકોમાં વરાહમિહિરના બંધુ મનાયેલ, પ્રથમથી ભિન્ન એવા, નિર્યુક્તિકાર ભદ્રબાહુ(દ્વિતીય)ને, તેના કર્ત્તા માન્યા હોય તેમ લાગે છે[૨૧]. (સ્વ૰) મુનિવર્ય પુણ્યવિજયજી પણ એવી માન્યતા ધરાવતા હતા. પણ દ્વિતીય ભદ્રબાહુના અસ્તિત્વને સિદ્ધ કરે એવું એક પણ પ્રમાણ ઉપસ્થિત નથી. ચરિત-કથાનક-પ્રબંધાદિમાં એક તરફથી ભદ્રબાહુને ગુપ્તકાલીન વરાહમિહિરના ભાઈ, તો બીજી તરફથી વળી એમને મૌર્યકાલીન આર્ય યશોભદ્રના શિષ્ય અને આર્ય સ્થૂલભદ્રના ગુરુ બતાવ્યા છે ! આ ઘોર કાલાતિક્રમ અને વિસંવાદ, તેમ જ કથામાં કથેલ સામ્પ્રદાયિક તત્ત્વો પાછળ તથ્ય એટલું જ છે કે વરાહમિહિરથી ભદ્રબાહુની સરસાઈ જૈન કથાકારોને બતાવવી હતી; પણ તેથી તો કોઈ ઐતિહાસિક સચ્ચાઈ સિદ્ધ નથી થતી. હકીકતમાં **નિર્યુક્તિ**ઓના કર્ત્તા કોણ હતા અને **ઉપસર્ગહરસ્તોત્ર**ના કર્ત્તા કોણ હતા તેનો નિર્દેશ કોઈ સ્રોતમાંથી પ્રાપ્ત થયો નથી[૨૨]. પુણ્યવિજયજીની એટલી વાત તો સાચી લાગે છે કે **નિર્યુક્તિઓ** (કેટલેક અંશે ઉત્તર કુષાણ અને ગુપ્તકાલીન **સંગ્રહણીઓ**ને આધારે) જૈનાગમોની વાલભી દ્વિતીય વાચના (ઈ૰ સ૰ ૫૦૩/૫૧૬) પછી તુરતમાં થયેલી છે. (એને ઈ૰ સ૰ ૫૨૫ના અરસાની રચના ગણી શકાય.) પણ એથી **ઉપસર્ગહરસ્તોત્ર**ના કર્ત્તા અને કાળની સમસ્યાનો ઉકેલ થતો નથી.

મહારાષ્ટ્રી પ્રાકૃતમાં રચાયેલ મૂળ સ્તોત્ર આ પ્રમાણે છે :

उवसग्गहरं **पासं पासं** वंदामि कम्मघणमुक्कं
विसहरविसनिन्नासं मंगलकल्लाण आवासं ॥१॥

विसहरफुलिंगमंतं कंठे धारेइ जो सया मणुओ ।
तस्सग्गहरोगमारी दुट्ठजरा जंति उवसामं ॥२॥

चिट्ठउ दूरे मंतो तुज्झ पणामो वि बहुफलो होइ ।
नरतिरिएसु वि जीवा पावंति न दुक्खदोगच्चं ॥३॥

तुह सम्मते लद्धे चिंतामणि कप्पपायवब्भहिए ।
पावंति अविग्घेणं जीवा अयरामरं ठाणं ॥४॥

इय संथुओ महायस ! भत्तिब्भरनिब्भरेण हियएण ।
ता देव ! दिज्ज बोहिं भवे भवे **पास** ! **जिणचंद** ! ॥५॥

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

તેનો શબ્દાર્થ શ્રી ચંદ્રસૂરિએ સંસ્કૃતમાં આપ્યો છે જેના આધારે ગુજરાતીમાં ભાવાર્થ નીચે મુજબ તારવી શકાય :

૧. ઉપસર્ગને હરનાર, વિષધરના વિષનો વિનાશ કરનાર (યક્ષ) **પાર્શ્વને**, તેમ જ કર્મઘનથી મુક્ત, મંગલ અને મંગલ-કલ્યાણના આવાસ રૂપ (જિન) **પાર્શ્વને** વંદું છું.

૨. (આ) વિષધરફુલિંગમંત્રને જે મનુષ્ય સદા કંઠસ્થ રાખે તેને ગ્રહ દશાનું, રોગ, મરકી(ઇત્યાદિ)ના આવિર્ભાવનું, કે આકરા તાવનું ઉપશમન થાય.

૩. મંત્ર તો દૂર પણ આપના પ્રણામ માત્ર પણ બહુ ફળ આપનાર છે. આપને પ્રણામ કરનાર મનુષ્યો વા પ્રાણીઓ દુઃખ કે દુર્ગતિને પ્રાપ્ત થતા નથી.

૪. આપને સમ્યક્ રીતે ગ્રહણ કરવાથી ચિંતામણિરત્ન અને કલ્પવૃક્ષથી (પ્રાપ્ત થાય તેનાથી) પણ અધિક ફળ પ્રાપ્ત થાય છે, અને જીવો નિર્વિઘ્ને અજરામર સ્થાનને પ્રાપ્ત કરે છે.

૫. હે મહાયશ, હે દેવ, હે ચંદ્ર સમાન પાર્શ્વજિન, ભક્તિથી પૂર્ણ ભરેલ હૃદયથી હું સંસ્તુતિ કરું છું કે ભવોભવ સંબોધિ દેજો !

આમ સ્તોત્ર મંત્રપૂત છે અને નાગવિષ ઉતારવા માટે, ગ્રહદશાના પ્રભાવથી મુક્ત થવા માટે, મહામારી સમાન રોગ-વિમોક્ષ, તથા જ્વરોપશમનના ઉદ્દેશથી કર્ત્તાએ રચ્યું છે. દેખીતી રીતે જ આનો રચયિતા આગમ યુગનો નથી જ અને રચના-રીતિ અને ભાષા પણ પ્રાક્‌મધ્યકાળ પૂર્વેનો કાળ બતાવતા હોવાનું ભાગ્યે જ માની શકાય.

પણ કાળનિર્ણયની ચાવી તો પહેલા જ પદ્યના પ્રથમ ચરણમાં છે. તેમાં 'પાસ (પાર્શ્વ)' શબ્દ બે વાર આવે છે. ટીકાકારે પહેલા, ઉપસર્ગને હરનાર 'પાસ'નો અર્થ 'પાર્શ્વયક્ષ' કર્યો છે, જ્યારે બીજા, કર્મ-વૃત્તિથી મુક્ત થવામાં નિમિત્ત બનનાર 'પાસ'નો અર્થ 'જિન પાર્શ્વ' કર્યો છે ને તેના ઔચિત્ય વિષે કોઈ શંકાને કારણ નથી; કેમકે સિદ્ધાત્મા(વિમુક્ત-આત્મા)ને નિર્ગ્રન્થ-દર્શન સર્વજ્ઞ-સર્વદર્શી તો માને છે પણ કર્ત્તા રૂપે નહીં. આથી જિન પાર્શ્વ ઉપસર્ગને હરી ન શકે, પણ શાસન-દેવતા-આ કાર્ય કરી શકે; એથી ઉપસર્ગ હરવાની પ્રાર્થના પાર્શ્વજિનને નહીં, એમના નામેરી અને એમના જ શાસનદેવ, પાર્શ્વ-યક્ષને કરે છે[૨૭]. પણ પાર્શ્વયક્ષની કલ્પના પણ મોડેની જ માનવાની રહે છે. તીર્થંકરોના શાસન રક્ષકરૂપે યક્ષ-યક્ષીઓનો વિભાવ સાહિત્ય કે પ્રતિભા-સર્જનમાં નવમ શતક અંતિમ ચરણથી પૂર્વેનો નથી, એને લગતું કોઈ જ પ્રમાણ નથી. **સમવાયાંગસૂત્ર**માં ૨૪મા સ્થાનમાં યક્ષ-યક્ષીઓનો ઉલ્લેખ જ નથી. અને અનુગુપ્ત કાળ સુધીના આગમિક કે અન્ય સાહિત્યમાં પણ તે નિર્દેશ મળતા નથી. શૈલીની દૃષ્ટિએ પણ સ્તોત્ર પાદલિપ્ત સૂરિ(દ્વિતીય) (પ્રાયઃ ઈસ્વી ૭૦૦-૭૨૫)ની "ગાહાજુહલેણ" નામક બે જ ગાથામાં

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

નિબદ્ધ વીરસ્તુતિને (જે સુવર્ણસિદ્ધિ-સ્તવ મનાય છે) અમુકાંશે મળતું આવે છે. જોકે દિગંબર સંપ્રદાયમાં આ સ્તોત્ર ભક્તામરસ્તોત્રકાર માનતુંગ સૂરિનું રચેલું મનાય છે; પણ માનતુંગસૂરિના પ્રાકૃત સ્તોત્ર—ભયહર—ની શૈલીથી આ સ્તોત્રની શૈલી જુદી પડી આવે છે : તેમાં કાવ્યતત્ત્વનો પ્રાયઃ અભાવ વરતાય છે અને 'માનતુંગ'નું મુદ્રારૂપેણ નામ પણ અંતિમ પદ્યમાં ઉપસ્થિત નથી. કોઈ મંત્ર-પરસ્ત ચૈત્યવાસી જતિની આ રચના છે. શૈલી અને વસ્તુને લક્ષમાં લેતાં 'ઉપસર્ગહરસ્તોત્ર'ને વહેલામાં વહેલું ઈસ્વીસનૂના નવમા શતકના ઉત્તરાર્ધમાં મૂકી શકાય.

**ટિપ્પણો :**

૧. સં૰ જિન વિજયમુનિ, સિંઘી જૈન ગ્રંથમાલા, ગ્રંથાંક ૧૩, અમદાવાદ-કલકત્તા ૧૯૪૦.

૨. જુઓ **શ્રીપ્રભાવકચરિત્ર** (ભાષાંતર), શ્રી જૈન આત્માનંદ સભા-ભાવનગર, ભાવનગર વિ૰ સં૰ ૧૯૮૭ (ઈ૰ સ૰ ૧૯૩૧), ''પ્રસ્તાવના,'' પૃ૰ ૨૨.

૩. વૈરોટ્યાની મૂર્તિઓનાં અંકન દસમા શતક (કે બહુ બહુ તો પ્રાક્મધ્યકાળ) પહેલાં મળતાં નથી. એના સંબંધી આખીયે દંતકથા ચૈત્યવાસીઓએ ઉપજાવી કાઢેલી જણાય છે.

૪. સં૰ મુનિ પુણ્યવિજય, જૈન-આગમ ગ્રંથમાલા, ગ્રંથ ૧, શ્રી મહાવીર જૈન વિદ્યાલય, મુંબઈ ૧૯૬૮, સૂત્ર ૬, 'થેરાવલિયા,' પૃ૰ ૬.

૫. णाणम्मि दंसणम्मि य तव विणए णिच्चकालमुज्जुत्तं ।
**अज्जानंदिलखमणं** सिरसा वंदे पसण्णमणं ॥

—**नंदिसूत्र** ६.२९

૬. **નંદીસૂત્ર**માં જે **થેરાવલી** છે તેમાં આર્ય ભદ્રબાહુ પછી આવતાં નામો ક્રમબદ્ધ નથી. અહીં જે સમયાંકન કર્યું છે તે આર્ય મંગુ (માઘહસ્તી), આર્યનાગહસ્તી આદિનો સંભાવ્ય કાળ લક્ષમાં લઈ તેના આધારે આર્યનન્દિલની વિદ્યમાનતાનો કાળ પણ કુષાણયુગમાં માન્યો છે.

૭. જુઓ મારો લેખ, "Apropos of Mahāvācaka Āryā Nandi Ksamāśramaṇa," *Sri Dinesacandrika* (Studies in Indology), *Eds.* B. N. Mukherjee *et al*, Delhi 1983, pp. 141-147.

૮. જુઓ ''**वैरोट्यदेवीस्तव**,'' **जैनस्तोत्रसंदोह**, પ્રાચીન (જૈન) સાહિત્યોદ્ધારણગ્રંથાવલી, પ્રથમ ભાગ, સં૰ ચતુરવિજયમુનિ, અમદાવાદ ૧૯૩૨, પૃ૰ ૩૪૭-૩૫૦.

૯. એજન, પૃ૰ ૩૪૮.

૧૦. સં૰ પં૰ બેચરદાસ જીવરાજ દોશી, **वियाहपण्णत्तिसुत्तं**, દ્વિતીય ભાગ, જૈન-આગમ-ગ્રંથમાલા, ગ્રંથાંક ૪ (ભાગ ૨), શ્રી મહાવીર જૈન વિદ્યાલય, મુંબઈ ૧૯૭૮, સૂ૰ ૧૩, પૃ૰ ૫૦૦.

૧૧. સં૰ મુનિ જંબૂવિજય, **ठाणंगसुत्तं समवायंगसुत्तं च**, જૈન-આગમ-ગ્રંથમાલા, ગ્રંથાંક ૩, શ્રી મહાવીર જૈન વિદ્યાલય, મુંબઈ ૧૯૮૫, તદંતર્ગત **સ્થાનાંગસૂત્ર**, ૪.૧ ૨૭૩, પૃ૰ ૧૦૫.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

૧૨. **વ્યાખ્યાપ્રજ્ઞપ્તિ**માં "છ" નામ આપ્યાં છે અને **સ્થાનાંગ**માં "ચાર" નામ બતાવ્યાં છે. બન્નેનાં નામો બિલકુલ જુદાં છે.

૧૩. **જૈ૦ સ્તો૦ સં૦**, ભાગ ૧, પૃ૦ ૩૪૭.

૧૪. પ્રાચીન સ્તોત્રોમાં અષ્ટમહાભયાદિ દૂર થતા હોવાની તો વાત કહી છે; પણ અહીં કથિત ઝેરી જંતુઓ આદિની વાત નથી. આથી પણ સ્તોત્ર મધ્યકાલીન હોવાનું સંભવે છે.

૧૫. વ્યાલકનો એક અર્થ 'સર્પ' સરખા સરિસૃપ સરખો થાય છે.

૧૬. શબ્દ સ્પષ્ટ નથી એટલે અર્થ પણ સ્પષ્ટ નથી.

૧૭. એજન. એમણે પ્રસ્તુત 'ચરિત'માં તેનો ઉલ્લેખ કર્યો છે. જુઓ **પ્ર૦ ચ૦**, પૃ૦ ૨૧. ત્યાં સ્તોત્રની શરૂઆત नमिउण जिनपासं સ્તવ આર્યાનન્દિલે બતાવ્યાનું કહ્યું છે, જ્યારે ઉપલબ્ધ પ્રકાશિત સ્તોત્રમાં તે नमिउण पासनाहं એવા શબ્દોથી પ્રારંભ કર્યો છે.

૧૮. રાજશેખર કૃત **પ્રબંધકોશ**(ઈસ્વી ૧૩૪૯)ના "ભદ્રબાહુ-વરાહ પ્રબંધ"માં તેવો સ્પષ્ટ નિર્દેશ છે. જુઓ સં૦ જિનવિજય, સિંઘી જૈન ગ્રંથમાલા, ગ્રંથાંક ૬, શાંતિનિકેતન ૧૯૩૫, પૃ૦ ૨. આ સિવાય સંઘતિલકની **સમ્યક્ત્વસપ્તતિકાવૃત્તિ** ઈ૦ સ૦ ૧૩૬૬)માં પણ એવો જ ઉલ્લેખ છે. નોંધ માટે જુઓ સં૦ ચતુરવિજયમુનિ "પ્રસ્તાવના," **મંત્રાધિરાજચિંતામણિ (જૈનસ્તોત્રસંદોહ**, દ્વિતીય વિભાગ), શ્રી પ્રાચીન જૈન સાહિત્યોદ્ધાર ગ્રંથાવલી, ચતુર્થપુષ્પ, અમદાવાદ ૧૯૩૬, પૃ૦ ૮.

૧૯. પાર્શ્વચંદ્રગણિની **લઘુવૃત્તિ** માટે જુઓ **જૈનસ્તોત્રસંદોહ**, દ્વિતીય વિભાગ, પૃ૦ ૧-૭, અને ચંદ્રસૂરિની **લઘુવૃત્તિ** માટે જુઓ **જૈનસ્તોત્રસંદોહ**, પ્રથમ ભાગ, પ્રાચીન (જૈન) સાહિત્યોદ્ધારગ્રંથાવલી, પ્રથમ પુષ્પ, અમદાવાદ ૧૯૩૨, "ગ-પરિશિષ્ટ", પૃ૦ ૬૭-૭૬.

૨૦. જુઓ "પ્રસ્તાવના" (સંસ્કૃત) **જૈ૦ સ્તો૦ સં૦**, ૧, પૃ૦ ૫-૬.

૨૧. જુઓ એમની ગુજરાતી "પ્રસ્તાવના" **જૈ૦ સ્તો૦ સં૦**, ૨, પૃ૦ ૩-૧૨.

૨૨. નિર્યુક્તિઓ પ્રથમ ભદ્રબાહુ પ્રાયઃ (ઈ૦ સ૦ પૂ૦ ૩૨૫-૨૯૦) દ્વારા રચાયેલી હોવાની જે માન્યતા ઈસ્વી છઠ્ઠી સદીથી ચાલી આવી છે તેને પ્રસ્તુત કૃતિઓની ભાષા, છંદ, અને આંતરિક વસ્તુથી જરાયે સમર્થન મળતું નથી. આ વિશે (સ્વ૦) મુનિવર પુણ્યવિજયજી, જર્મન વિદ્વાનો, અને આ ક્ષેત્રના અન્ય ભારતીય વિદ્વાનો દ્વારા ઊહાપોહ થઈ ચૂક્યો છે.

૨૩. આ કથન ટીકાકારોનું છે. પંદરેક વર્ષ પૂર્વે બનારસમાં મારે ઘેર પં૦ દલસુખભાઈ માલવણિયા તથા સાગરમલ જૈનને મેં કહેલું કે **ઉપસર્ગહરસ્તોત્ર** એ પ્રથમ ભદ્રબાહુનું તો નથી જ પરંતુ કહેવાતા દ્વિતીય ભદ્રબાહુ(વરાહમિહિરના મનાતા બંધુ)નું પણ હોઈ ન શકે, કેમકે તીર્થંકરો સાથે સંબદ્ધ ૨૪ યક્ષ-યક્ષીઓની કલ્પનાનો નવમી શતાબ્દી પૂર્વે ન તો શિલ્પમાં કે ન તો સાહિત્યમાં સગડ મળે છે. પછીથી, મોટે ભાગે **શ્રમણ**ના એક અંકમાં, તે હકીકત સાગરમલ જૈનના લેખમાં (એમની પોતાની શોધરૂપે) પ્રગટ થઈ હોવાનું સ્મરણ છે.

• • •

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org